# એકાન્ત એટલે વિનાશ, અનેકાન્ત એટલે વિકાસ

(શ્રી રોહિત શાહ, અમદાવાદ)

એક વખત ભગવાન મહાવીરને ગણધર ગૌતમે સહજ જિજ્ઞાસાથી પ્રશ્ન પૂછ્યો :

"પ્રભુ ! તત્ત્વ એટલે શું ?"

ભગવાન મહાવીર બોલ્યા, "ભન્તે, ઉત્પન્ન થવું એ તત્ત્વ છે."

ગણધર ગૌતમ આ જવાબથી મૂંઝાયા. માત્ર ઉત્પન્ન થવું એ જ સત્ય હોય તો અનેક સમસ્યાઓ ઊભી થઈ જાય ! તેમણે ફરીથી પૂછ્યું, "પ્રભુ તત્ત્વ શું છે ?"

ભગવાને કહ્યું, અવિચળ રહેવું તે તત્ત્વ છે. પોતાના અસ્તિત્વમાં સ્થિર અને ધ્રુવ રહેવું એ તત્ત્વ છે. ગણધર વિશેષ મુંઝાયા, પ્રભુના સંદિગ્ધ જવાબ સમજાતા ન્હોતા, એમણે વળી પાછું પૂછ્યું : "પ્રભુ ! તત્ત્વને જાણવાની મારી જિજ્ઞાસા છે."


"ભન્તે, તત્ત્વ એટલે નિઃશેષ થવું તે. વિનષ્ટ થવું તે તત્ત્વ છે. અસ્તિત્વનું વિલોપન એ તત્ત્વ છે."

ગણધર ગૌતમને હવે પ્રભુની રહસ્યવાણીનો મર્મ સમજાયો. ઉત્પન્ન થવું, અવિચળ રહેવું અને વિલોપન પામવું આ ત્રણે બાબતો મળીને પૂર્ણ તત્ત્વ બને છે.

તત્ત્વ સ્વયં પૂર્ણ સત્ય છે.

અને સત્ય એક જ હોવા છતાં તેનો સાક્ષાત્કાર ભિન્ન ભિન્ન સ્વરૂપે થતો હોય છે. જે વ્યક્તિ સત્યના એક જ સ્વરૂપને વળગી રહે છે તે વ્યક્તિ પૂર્ણ સત્યથી અનભિજ્ઞ રહી જાય છે. સદીઓથી માનવી સત્યના સ્વરૂપને સમજવાનો પુરુષાર્થ કરતો રહ્યો છે, અને તો ય પૂર્ણ સત્યને એ પામી શક્યો નથી કારણ કે તેનો પુરુષાર્થ એકાન્તિક રહ્યો છે, એ પૂર્ણ સત્ય પામવા માટે પહેલી શરત છે : અનેકાન્ત.

જગતના તમામ ધર્મોમાં જૈન ધર્મ એક જ એવો છે કે જેણે અનેકાન્તનો સૌથી વધુ આદર કર્યો છે. વિરોધી સત્યનો સ્વીકાર કર્યા વિના મૂળ સત્યને સમજવાનું સંભવિત નથી. સત્ય તો સત્ય છે જ, પણ અસત્ય પણ સત્ય છે. જ્ઞાન સત્ય છે, તો અજ્ઞાન પણ સત્ય છે. મૂર્છા સત્ય છે તો જાગૃતિ પણ સત્ય છે. દુઃખ સત્ય છે તો સુખ પણ સત્ય છે. ગતિ સત્ય છે તો સ્થિતિ પણ સત્ય છે. ચેતન સત્ય છે તો અચેતન પણ સત્ય છે. તેમાંથી કોઈ એકનો સ્વીકાર કરનાર, પૂર્ણ સત્ય સુધી કદીય પહોંચી શકતો નથી.



શ્રી રોહિત શાહ

વિરોધી સત્યોનું સહ અસ્તિત્વ તો પ્રકૃતિનો મૂળભૂત નિયમ છે. આ નિયમ કોઈ વ્યક્તિએ બનાવેલો નથી. એ નિયમનું પૃથક્કરણ કરીને, તેની વ્યાખ્યાઓ બનાવીને તેને સમજવાનો પ્રયત્ન કરવામાં આવે છે. અને એ પ્રયત્ન એટલે જ અનેકાન્ત.

અનેકાન્તમાં કોઈ નિયમ બનાવવાનો હોતો નથી, પરંતુ મૂળ નિયમને સમજવાની સાધના કરવાની હોય છે. વ્યાખ્યાનું સત્ય હોઈ શકે, પણ સત્યની કોઈ વ્યાખ્યા ન હોઈ શકે. વ્યાખ્યાઓમાં અટવાઈશું તો સત્ય નહિ મળે.

અનેકાન્ત અને સત્ય ભિન્ન નથી. અનેકાન્ત અને સાધના ભિન્ન નથી. અનેકાન્ત અને અહિંસા ભિન્ન નથી. અનેકાન્ત અને અપરિગ્રહ પણ ભિન્ન નથી. અનેકાન્ત એટલે અભિન્નતાની આરાધના. અનેકાન્ત એટલે દ્વૈતમાંથી અદ્વૈતમાં જવાની આરાધના. વિરોધી સત્યના સહઅસ્તિત્વનો નિયમ નહિ સ્વીકારીએ, ત્યાં સુધી જ બધા સંઘર્ષો છે. જે ક્ષણે વિરોધી સત્યનો સમન્વય સ્વીકારી લીધો, એ જ ક્ષણે તમામ સંઘર્ષો ખતમ થઈ જશે.

ઈન્દ્રનો પુત્ર જયંત ગુરુ બૃહસ્પતિ પાસે વિદ્યાભ્યાસ કરતો હતો. જયંતનો કંઈક અપરાધ થયો. બૃહસ્પતિએ તેને શિક્ષા કરી. જયંતને ખૂબ માનહાનિ થયા જેવું લાગ્યું. તેણે ઈન્દ્ર પાસે જઈને ફરિયાદ કરી, "પિતાજી ! ગુરુ બૃહસ્પતિ એવા તે મોટા કોણ છે કે જે મને - એટલે કે ઈન્દ્રના પુત્રને શિક્ષા કરી શકે ?

ઈન્દ્ર શાંત અને સ્વસ્થ રહીને બોલ્યા, "બેટા, તું- એટલે કે ઈન્દ્રનો પુત્ર - એવો તે કેવો, કે જેને શિક્ષા કરવી પડે ?"

જયંત સત્યની એક બાજુને જોતો હતો. એના પિતાએ એને એ જ સત્યની બીજી બાજુનું દર્શન કરાવ્યું અને એના મનનો સંઘર્ષ પળમાત્રમાં ખતમ થઈ ગયો.

અપૂર્ણ સત્ય માનવીને ક્યારેક આવેશ તરફ ધકેલે છે. જ્યાં અપૂર્ણતા છે ત્યાં સંઘર્ષ છે. અને સંઘર્ષ છે ત્યાં આવેશ છે. પ્રજ્ઞાશીલ વ્યક્તિ પોતાની અપૂર્ણતાને ઓળખવામાં વિલંબ નહિ કરે. મૂર્ખ માનવી પોતાની અપૂર્ણતાને જ સર્વસ્વ સમજીને ચાલશે. પૂર્ણતાને પામવા માટે અપૂર્ણતાને ઓળખવી અનિવાર્ય છે અને અપૂર્ણતાને ઓળખવા માટે અનેકાન્ત દ્રષ્ટિ કેળવવી આવશ્યક છે.

એક વખત એક નગરમાં ધોધમાર વરસાદ તૂટી પડ્યો. માણસો અને મકાનો પણ તણાવા લાગ્યાં. પતિ-પત્નીનું એક યુગલ અને તેમનાં ત્રણ બાળકો તૂટેલા વૃક્ષના એક થડ ઉપર બેસી ગયાં. થડ પણ તણાઈ રહ્યું હતું. સૌથી નાનું બાળક બોલ્યું, "આપણે



'य' का भेद विष विषय में, विष मारे इक बार ।
जयन्तसेन विषय सदा, हनन करे हरबार ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વહી રહ્યા છીએ !" બીજા બાળકે તેની ભૂલ સુધારતાં કહ્યું, "આપણે થડ ઉપર સ્થિર બેઠાં છીએ. આ થડ તણાઈ રહ્યું છે !" ત્રીજા બાળકે કહ્યું, "તું પણ ખોટું કહે છે. ખરેખર તો આ નદી વહી રહી છે !" ત્રણ બાળકોનો આવો સંવાદ સાંભળીને તેમની માતા બોલીઃ "બેટા, નદી તો કદી વહી જ ના શકે. નદીનું જળ વહી રહ્યું છે. જે નદીમાં જળ ના હોય, તે શી રીતે વહી શકે ?" છેવટે બાળકોના પિતાએ કહ્યું, "તમે સૌ પાગલ છો. તમે માત્ર પોતાના સત્યને જ વળગી રહ્યાં છો. ખરેખર તો જળ પણ વહી રહ્યું છે. નદી પણ વહી રહી છે, થડ પણ વહી રહ્યું છે અને આપણે સૌ પણ અત્યારે તો વહી રહ્યાં છીએ. વળી બીજી રીતે વિચારીએ તો નદીનું જળ ઢાળ તરફ જઈ રહ્યું છે. નીચાણની દિશામાં વહી રહ્યું છે. જળ દરેક વખતે વહન કરતું નથી. સરોવરનું જળ વહી જતું નથી. એને જ્યારે ઢાળ-નીચાણ તરફ જવાના સંયોગો મળે, ત્યારે જ તે વહે છે."

અધ્યાત્મની વાત હોય કે ધાર્મિક ખ્યાલોની, દુન્યવી વ્યવહારની વાત હોય કે પ્રકૃતિના રહસ્યની- જો એકાન્તદ્રષ્ટિથી તેને પામવા ગયા, તો અપૂર્ણતા અને મિથ્યાત્વ જ મળશે.

એકાન્ત દ્રષ્ટિએ જોનારને સંસાર તો શું, ધર્મશાસ્ત્રો પણ મિથ્યા જ લાગશે. એક ધર્મમાં ચુસ્ત શ્રદ્ધાવાદી વ્યક્તિ બીજાના ધર્મશાસ્ત્રોની વિરોધી બની જાય છે. ખરેખર તો શાસ્ત્ર કે સિદ્ધાંત મિથ્યા પણ ન હોઈ શકે અને સમ્યક્ પણ ના હોઈ શકે. જોનારની નજર અનેકાન્તની હોય, તો પેલો દ્વંદ્વ રહેશે નહિ. મિથ્યાત્વને જોનારી આંખ અને સમ્યક્‌ને જોનારી આંખ અલગ અલગ છે. પણ અનેકાન્તની આંખ સમન્વય સિવાય બીજું કાંઈ જોતી નથી ! અનેકાન્તનો વિશિષ્ટ અર્થ છે 'સમન્વય'.

સમન્વય હોય ત્યાં સંઘર્ષ ટકી શકે ખરો ?

એક મૅનેજર તેની ઑફિસે પહોંચ્યો, તો ટેબલ ઉપર એક ટેલિગ્રામ પડ્યો હતો. તેમાં લખ્યું હતું કે 'તમારા પિતાજીની તબિયત અત્યંત ખરાબ છે. તરત આવી પહોંચો.' મેનેજર વિક્ષુબ્ધ થઈ ગયો. તરત કાગળ-પેન લઈને રજાનો રિપોર્ટ લખવા માંડ્યો. રિપોર્ટ લખીને એ મેનેજર, પોતાના બૉસની કેબિનમાં જતો હતો. ત્યાં જ એનો એક પટાવાળો ત્યાં આવીને બોલ્યો, "સાહેબ ! મારા ગામડેથી તાર આવ્યો છે. મારા પિતાજી અત્યંત બીમાર છે. મારો એ તાર મેં આપના ટેબલ ઉપર મૂક્યો હતો. મારે થોડા દિવસની રજાઓ લેવી પડે તેમ છે..."

"શું એ તાર તારો હતો ?"

"જી, સાહેબ !"

"ઓહ !" મૅનેજરને નિરાંત થઈ. પોતાનો બાપ બીમાર નથી! પોતે લખેલો રજાનો રિપોર્ટ ફાડી નાખ્યો.

પટાવાળાએ પૂછ્યું, "સાહેબ ! મારી રજાઓ મંજૂર કરશોને ?"

"ના. અત્યારે ઑફિસમાં કામકાજનું ભારે દબાણ છે. કોઈને રજા નહિ મળી શકે !" મૅનેજરે કહ્યું.

કેવી વિચિત્ર છે આ વાત ! પોતાનો બાપ બીમાર હોય તો રજા લેવી જરૂરી બને અને બીજાનો બાપ બિમાર હોય તો એને રજા ન મળે !

પોતે જ્યાં નોકરી કરતા હોઈએ ત્યાં, ઑફિસ છૂટવાના સમય પછી બૉસ આપણને રોકાવાનું કહે તો આપણે કહીશું કે બૉસ બહુ ખરાબ માણસ છે, શોષણ કરે છે. પરંતુ આપણા ઘેર કોઈ કામ માટે માણસ રાખ્યો હોય તો એને થોડો વધુ સમય રોકીને ય આપણે આપણું કામ પૂરું કરાવવાનો આગ્રહ રાખીએ છીએ !

એકાન્ત દ્રષ્ટિ માનવીને આત્મકેન્દ્રી અને સંકુચિત મનોવૃતિવાળો બનાવે છે. પોતાને માટેના તેમજ અન્યને માટેના માપદંડો, ધોરણો અને આગ્રહો વચ્ચે તે ભેદ કરે છે.

ભેદદ્રષ્ટિ સત્યની વિરોધી છે.

એકાન્તદ્રષ્ટિ અસમાનતાની જનેતા છે.

વિરોધી સત્યમાં રહેલો વિરોધ ટાળવા માટે 'અનેકાન્ત' સિવાયના તમામ ઉપાયો વ્યર્થ છે. અનેકાન્ત કોઈ વાદ નથી. અનેકાન્ત કોઈ પંથ નથી. અનેકાન્ત કોઈ તત્વદર્શન નથી. અનેકાન્તને જૈનો સ્યાદ્વાદ પણ કહે છે.

અનેકાન્ત એટલે વ્યાપક છતાં સહજ જીવનદર્શન.

એકાન્તને સીમાઓ છે, પણ અનેકાન્ત તો નિઃસીમ-અસીમ છે. એકાન્તમાં મતાગ્રહ છે, અનેકાન્તમાં મુક્તાગ્રહ છે. એકાન્તની દિશા વિનાશની છે. એટલે એમાં વિકૃતિ છે. અનેકાન્તની દિશા વિકાસની છે, એટલે એમાં સંસ્કૃતિ છે.

ભગવાન મહાવીર અનેકાન્તના પુરસ્કર્તા હતા તેથી તેમનું વ્યક્તિત્વ અવિરોધાત્મક રહ્યું. ગણધર ગૌતમ દ્વારા તેમને પુછાયેલા તમામ પ્રશ્નોના, તેમણે આપેલા ઉત્તરો અનેકાન્ત દ્રષ્ટિથી પરિપૂર્ણ છે. એક વખત તેમને પૂછવામાં આવ્યું કે સાધના જંગલમાં થઈ શકે કે નગરમાં ? પ્રભુએ કહ્યું, 'સાધના જંગલમાં થઈ શકે અને નગરમાં પણ થઈ શકે, એટલું જ નહિ, સાધના જંગલમાં પણ ના થઈ શકે, અને નગરમાં પણ ના થઈ શકે !'

એકાન્ત દ્રષ્ટિથી જોતાં સ્થળ અને સાધના ભિન્ન દેખાશે. અનેકાન્ત દ્રષ્ટિથી જોતાં સ્થળ અને સાધના અભિન્ન થઈ જશે.

વસ્તુસ્થિતિને તેના પૂર્ણ સંદર્ભો સહિત જ મૂલવી શકાય. જો આંશિક સંદર્ભો ઉપરથી સમગ્રનું તારણ પામવા જઈએ તો આપણે અસત્ય કે અર્ધસત્ય જ પામી શકીએ. અર્ધસત્ય વાસ્તવમાં અસત્ય કરતાં વિશેષ જોખમી છે. નાસ્તિક વ્યક્તિ કરતાં અંધશ્રદ્ધાળુ વ્યક્તિ વધુ ખતરનાક છે. નાસ્તિક માનવી પોતે મંદિરે નહિ જાય કે પાઠ-પૂજા નહિ કરે એટલું જ પરંતુ અંધશ્રદ્ધાવાળા લોકો તો ક્યારેક ઝનુનથી પ્રેરાઈને બીજા ધર્મનાં મંદિરો કે ધર્મસ્થાનો તોડવા પણ તૈયાર થઈ જાય. બીજા ધર્મના સિદ્ધાંતોને સમજ્યા વગર જ એનો વિરોધ કરવા લાગી જાય છે ! આ જગતને મિથ્યાદ્રષ્ટિવાળા નાસ્તિકોએ જેટલું નુકસાન નથી પહોંચાડ્યું તેટલું નુકસાન


कूड कपट जिस में सहज, माया मान पड़ाव ।
जयन्तसेन उस देहि की, डूबे जीवन नाव ॥
Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એકાન્તદ્રષ્ટિવાળા અંધશ્રદ્ધાળુ લોકોએ પહોંચાડ્યું છે !

વ્યાધિને જાણવો જરૂરી છે, ભોગવવો નહિ. દેહમાં રહેલા વ્યાધિને જાણનાર તેને દૂર કરી શકે છે. તેને ભોગવનાર તો તેમાં વૃદ્ધિ જ કરશે ! અનેકાન્ત 'જાણવાની' ક્રિયા છે. એટલે કે જાગવાની ક્રિયા છે. અનેકાન્ત એટલે જાગૃતિ અને એકાન્ત એટલે મૂર્ચ્છા. એકાગ્રતા કરતાં અનેકાન્ત વિશેષ કલ્યાણકારી છે. એકાગ્રતા તો બગલામાં અને ચોરમાં ય ક્યાં નથી હોતી ? અનેકાન્તદ્રષ્ટિ વિનાની એકાગ્રતા ય કોઈ વાર માનવીને અનિષ્ટ પરિણામ તરફ વાળી દે છે.

અનેકાન્તની સમન્વય દ્રષ્ટિ માત્ર ધર્મક્ષેત્રે જ નહિ, સંસારના ક્ષેત્રે પણ અત્યંત મહત્વની છે. ખરેખર તો એમ કહેવું જોઈએ કે સંસારમાં જ અનેકાન્તદ્રષ્ટિ વિશેષ અગત્યની છે.

એક બહેન સૌને કહેતાં હતાં કે, "મારી દિકરીને તેના સાસરે ભરપૂર સુખ છે. મારી દીકરી તો સાસરે ય સ્વર્ગનું સુખ ભોગવે છે ! સવારે નવ વાગ્યા સુધી નિદ્રા માણે છે ! એનો પતિ એનો પડ્યો બોલ ઉપાડે છે ! ગમે તેટલા પૈસા ખરચે તો ય કોઈ એને પૂછનાર નથી !"

એ જ બહેનનો દીકરો પરણ્યો અને ઘરમાં નવી વહુ આવી. પછી થોડા દિવસ બાદ એમણે બળાપો કાઢવાનું શરૂ કર્યું, "મને વહુ સારી ના મળી ! ખૂબ આળસુ છે. સવારે નવ વાગ્યા સુધી પથારીમાં ઘોર્યા જ કરે છે ! મનફાવે તેમ ખર્ચા કરે છે. સાવ ઉડાઉ છે. એનો પતિ, એટલે કે મારો દીકરો સાવ વહુઘેલો છે ! એની વહુને એ કાંઈ કહેતો જ નથી !"

પોતાની દીકરી માટે અને પોતાની પુત્રવધૂ માટે સમાન બાબતોમાં આવો વિરોધી અભિપ્રાય આપનાર એ બહેનની સંકુચિત દ્રષ્ટિ જ એમના ઘેરા વિષાદનું કારણ હતું !

માત્ર સાસુઓ જ એવી હોય છે તેવું પણ નથી. પુત્રવધૂઓ પણ તેમની સાસુ અને પોતાની માતા પ્રત્યે આવો જ ભેદનીતિવાળો વ્યવહાર કરતી હોય છે.

પોતાનો દીકરો ભણવામાં પ્રથમ નંબર લાવે તો તેની માતા ગૌરવથી કહેશે કે, "અમારો દીકરો તો પહેલેથી જ ભણવામાં ખૂબ હોશિયાર છે. તમામ વિષયોમાં એ આગળ જ હોય. મને તો ખ્યાલ હતો જ કે તેનો પ્રથમ નંબર જ આવશે !" પરંતુ જો પોતાનો દીકરો નાપાસ થાય અને પાડાશીનો દીકરો પ્રથમ નંબર મેળવે તો એ તરત જ કટાણું મોં કરીને કહેશે, "જવા દોને વાત હવે... એનો દીકરો તો પરીક્ષામાં ચોરી કરવામાં ખૂબ ચાલાક છે ! ને એનો બાપ પણ પૈસા આપીને પોતાના દીકરાનો પહેલો નંબર ખરીદી આવ્યો છે !"

એકાન્તદ્રષ્ટિ આપણી સહિષ્ણુતાને પીંખી નાખે છે. પછી તો બીજાનું સુખ પણ આપણા માટે અસહ્ય બની જાય છે. આપણી પાસે મોટર નથી એની આપણને કશી વેદના નથી. પણ પાડોશીને ત્યાં મોટર આવે એટલે આપણો બળાપો અને અજંપો શરૂ થઈ જાય છે ! અરે, આપણે ત્યાં જે સુખ છે, તે સુખ ઉપર પણ આપણે નર્યો એકાધિકાર ભોગવવામાં માગીએ છીએ !

સંપત્તિ સુખનું સાધન છે એવો એક સામાન્ય ખ્યાલ છે. પણ કોઈ વ્યક્તિ ધન-સંપત્તિ લઈને જતી હોય અને કોઈ ગુંડો તે પડાવી લેવા માટે તેની હત્યા કરે તો એ સંપત્તિ એના સુખનું સાધન બની કે એના મૃત્યુનું નિમિત્ત બની ? અથવા તો ઈન્કમટેક્સ વગેરેના પ્રશ્નોને કારણે તેને અનિદ્રાનો ઉપદ્રવ લાગુ પડે તો એની સંપત્તિ એના માટે તો દુઃખનું જ સાધન બની ગણાય ને !

સુખ કોઈ વસ્તુ, પદાર્થ, પરિસ્થિતિ કે સંયોગોમાં નથી. સુખ કોઈ સ્થળ વિશેષમાં પણ નથી. સુખ તો સમાધાનમાં છે. સમન્વયમાં જે સુખ છે, તે અન્યત્ર ક્યાંય નથી !

એક પુરુષને બે પત્નીઓ હતી. પુરુષ હમેશાં એક પત્નીની ગેરહાજરીમાં બીજીની પ્રશંસા કરતો અને બીજીની ગેરહાજરીમાં પહેલીની પ્રશંસા કરતો. ધીમે ધીમે બન્ને સ્ત્રીઓને આ વાતનો ખ્યાલ આવી ગયો. બન્ને સાથે મળીને પતિ પાસે ગઈ અને પૂછ્યું કે, "અમારા બેમાંથી કોણ વિશેષ ગુણવાન છે તે સ્પષ્ટ કહો."

સંઘર્ષની ક્ષણ આવી ગઈ.

હવે શું કરવું ? પતિએ તરત જ સમાધાનનો અભિગમ સ્વીકારી લેતાં કહ્યું, " તમે બન્ને પરસ્પર કરતાં અધિક ગુણવાન છો. તમે બન્ને મને પરસ્પર કરતાં વધુ પસંદ છો !"

પત્નીઓ શું બોલે ?

સંઘર્ષની ક્ષણ પસાર થઈ ગઈ. કોઈ વિકલ્પ જ ન રહ્યો, પછી કોઈ શું બોલે ?

આપણે જ્યારે કોઈ એક શાસ્ત્રને, કોઈ એક વ્યક્તિને કે કોઈ એક સત્યને અનુસરીએ છીએ ત્યારે અનેક વિકલ્પો રહી જાય છે. વિકલ્પો વિરોધ જગાડે છે. અનેકાન્ત દ્વારા નિર્વિકલ્પ કક્ષાએ પહોંચી શકાય છે. પછી કશો વિરોધ રહેતો નથી. આપણે અવિરોધને પામીએ છીએ ! અવરોધ રહિત થવાથી જ આપણા કલ્યાણનો પંથ સરળ બને ને ! વિરોધથી મોટો કોઈ અવરોધ નથી. અને તમામ વિરોધોનો એક માત્ર ઉપાય છે. : અનેકાન્ત.

---

**મધુકર-મૌક્તિક**

*જો કે કામ ઘણું કઠણ છે. છતાં પરિણામ ઘણું જ સુખદ આવે છે. વ્યાઘ્રમુખી પ્રવૃત્તિ દેખીને ગભરાવવાની જરૂર નથી. જ્યારે જેટલા પ્રમાણમાં કટુતા કુચ કરતી જશે ત્યારે તેટલા પ્રમાણમાં તેના સ્થાને મધુરતા વધવા માંડશે અને એનો જેમ જેમ વિકાસ થતો જશે તેમ તેમ મૃદુતાનો આવિર્ભાવ થશે. અને સાથે જ સ્થિરીકરણ થવા માંડશે. પછી ... સહજમાં જાગૃતિ આવશે.*

**— જૈનાચાર્ય શ્રીમદ્ જયન્તસેનસૂરિ 'મધુકર'**



माया ममता में रहा, तज समता का साथ ।
जयन्तसेन जग से वह, जाता खाली हाथ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org